# વોઈસ ઓફ ઘાટકોપર

9022279684 www.facebook.com/1voiceofghatkopar Email : voiceofghatkopar@gmail.com

વર્ષ : ૯ ● અંક : ૨૪ ● સળંગ અંક : ૩૫૬ ● મુંબઈ ● શુક્રવાર ● તા. ૧૪ જુલાઈ – ૨૦ જુલાઈ ૨૦૧૭ ● પાના : ૮ ● કિંમત રૂ.૨


## ઘાટકોપરનાં આય સ્પેશ્યાલિસ્ટ ડૉ.પંકજ કગથરાએ પશ્ચિમ આફ્રિકાનાં લોકોને થતાં ઝામર માટે શસ્ત્રક્રિયાની નવી પદ્ધતિ શોધી


### આફ્રિકનોને લાભદાયક નિવડે તે શસ્ત્રક્રિયાનાં પ્રેઝન્ટેશન માટે વર્લ્ડ ગ્લોકોમાં કોન્ફરન્સનું આમંત્રણ

જતીન કોઠારી

ઘાટકોપરનાં આંખનાં સ્પેશ્યાલિસ્ટએ ઝામર(ગ્લોકોમા)ની શસ્ત્રક્રિયાની તદ્દન નવી પદ્ધતિની શોધ કરતાં પશ્ચિમ આફ્રિકાનાં લોકો માટે ખુબ આર્શિવાદ સાબિત થશે. ઘાટકોપર વેસ્ટ નિલકંઠ એન્કલેવમાં રહેતાં અને ગાંધી માર્કેટ ખાતે અમી દ્રષ્ટિ આય કેઅર ક્લિનિક ધરાવતાં ડૉ.પંકજ કથગરાએ વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું કે ‘આફ્રિકામાં ત્યાંના કાળા લોકોમાં ઝામર(ગ્લોકોમા)ની મોટી સમસ્યા છે અને સર્જરી કર્યા બાદ સક્સેસ રેટ ખુબ ઓછો એટલે કે ૬૫-૭૦ ટકા છે જ્યારે તે જ સર્જરીનો સક્સેસ રેટ ભારતમાં ૯૮ ટકા જેટલો છે. ત્યાંના કાળા લોકોમાં નાની વયના લોકોમાં પણ ઝામર અંગે ખુબ ઓછી માહિતી તથા ઓપરેશન માટે ભય પ્રવર્તે છે.’ આ લોકો માટે ડૉ.પંકજે એક વિશેષ સર્જરીની શોધ કરી છે જેમાં તેમને આફ્રિકનો પર સર્જરીમાં મહત્તમ સફળતા મળી.

તાજેતરમાં વર્લ્ડ ગ્લોકોમા કોન્ફરન્સનું ફિનલેન્ડ ખાતે આયોજન થયું હતું. જેમાં ડૉ.પંકજને પણ આમંત્રણ મળ્યું અને ત્યાં તેમણે પોસ્ટર પ્રેઝન્ટેશન દ્વારા તેમને આ સર્જરી અંગે માહિતી આપી હતી.

ઘાટકોપરવાસી ડૉ.પંકજ દ્વારા કરાયેલ ગ્લોકોમાની નવી પદ્ધતિથી શસ્ત્રક્રિયા આફ્રિકાનાં લોકોને લાભદાયક નિવડશે એ ખરેખર ગર્વની વાત કહી શકાય.



## ઘાટકોપર રેલ્વે સ્ટેશન રેલ વાયર ફ્રી ઈન્ટરનેટ સર્વિસથી કનેક્ટ કરાયું

### રેલ્વે મિનીસ્ટર સુરેશ પ્રભુએ ટ્વીટ કરી માહિતી આપી

ભારતના મહત્વના સ્ટેશનોને ગુગલના સહયોગથી ફ્રી ઈન્ટરનેટ સુવિધા રેલ વાયરથી જોડવાના રેલ્વેના પ્રયાસોમાં વધુ એક સ્ટેશન ઘાટકોપરનો ઉમેરો થયો છે તેની જાણ સ્વયં રેલ્વે મિનીસ્ટર સુરેશ પ્રભુએ ટ્વીટ કરીને કરતા ઘાટકોપર-વાસીઓમાં આનંદ જોવા મળ્યો હતો.







# ક્લાસિફાઈડ્સ

### મનોરંજન

કોઈપણ જાતના મ્યુઝીકલ પ્રોગ્રામ માટે **વર્ષા ઠક્કર** અને **ચેતન સરવૈયા સંપર્ક : 9619696591, 9869359017** બીન–વારીસની પ્રાર્થના, સંગીત ટોટલી ફ્રી કરી આપવામાં આવે છે(6116)

### જગ્યા સંબંધી

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**
**ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે**
**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**મુલુંડ (વેસ્ટ) 2 BHK**
સર્વોદય નગરની બાજુમાં, ૮૯૦ સ્કે.ફુટ, ૧.૩૦ લાખ લીફ્ટવાળી બિલ્ડીંગ. **રિદ્ધી સિદ્ધી પ્રોપર્ટીઝ : દિપેશ સેજપાલ - 93210 26061 / 99302 62237** (6113)

**ELECTRICIAN & GAS**
Do Your Society Need Rewiring Meter Cabin Three Phase Connection. Name Change Electric Mahanagar Gas
**Mob.: 9819088826**

### શૈક્ષણિક

**Talent Mantra Ghatkopar (East)**
ABACUS, Hand Writing Art & Craft, Drawing, Calligraphy, Vedic Maths, Career Counseling, DMIT Mid Brain Activations. **Contact : 9987259335** (CH-6119)

### ધંધાકીય

We Provide Office Stationary Printing Like Visiting Cards, Letter Head Envelops, Bills, Challan, Voucher etc... **Contact : Chintan Graphics: 25084463/ 64/65, 9821154326**

ગ્રાફીક ડિઝાયનીંગ તથા ડી.ટી.પી.મલ્ટીકલર કેટલોગ, ફ્લાયર, પોસ્ટર, કમ્પ્યુટર સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી, વિજીટીંગ કાર્ડ, લેટર હેડ, એનવેલપ, બીલ, ચલન તથા દરેક જાતના ગુજરાતી, હિન્દી, મરાઠી તથા અંગ્રેજીમાં ગ્રાફીક ડિઝાયનીંગ તથા ડી.ટી.પી.નું કામ વ્યાજબી ભાવે ત્વરીત કરી આપવામાં આવશે. **ચિંતન ગ્રાફિક્સ -** ઘાટકોપર (ઈસ્ટ) : **98211 54326, 9833664426**

**ધંધા માટે લોન**
**રૂા.૫૦,૦૦૦થી શરૂ**
નવો વ્યવસાય શરૂ કરવા, નવો માલ/યંત્ર/સામગ્રી ખરીદવા, લીધેલો ઓર્ડર પુરો કરવા. ટ્રિનટી વેલ્થકેર – **રોનક શાહ : 9322206534, નીરજ પુરોહિત : 9920043133** (6114)

**Computer Class Ghatkopar (East)**
MS Office, Tally Rs.1500, Photoshop, Corel Rs. 2000, Autocad Rs. 5000, ICT Rs.3000. **Chintan Sir - 80975 09493** (6125)

**DAYAL PHOTO**
Photography & Videography
**Dhananjay**
Email: dhananjay.photo@gmail.com
Cell: 9619241212

### નોકરી સંબંધી

હાઉસિંગ, બિઝનેશ, મોર્ગેજ, ગાડી, નોકરી. સેલેરી ૧૨,૦૦૦. ગ્રામ પંચાયત, સિવીલ – No Advance : **82864 77706.** (6138)

## વોઈસ ઓફ ઘાટકોપર

# IMPORTANT
## Telephone Numbers Directory

**BMC "N" WARD**
Jawahar Road, Ghatkopar (E), Mumbai – 400 077
Phone No – 25010161 / 25010165

**SCHOOLS**

| School Name | Principle | Mobile |
|---|---|---|
| **Municipal** | | |
| Babasaheb Ambedkar Mun Marathi School | Prerana Mohare | 9969814155 |
| Vikhroli Parksite Marathi School No 4 | Pundlik Pawar | 8419938156 |
| Vikhroli Parksite Urdu School No 3 (Vikhroli Parksite Mps) | Girija Shirashyad | 9673846940 |
| Vikhroli Parksite Marathi School No 2 (Vikhroli Parksite English) | Kailas Sarode | 8879620860 |
| Vikhroli Parksite English School | Kailas Sarode | 8879620860 |
| Vikhroli Parksite Mun Urdu No 1 | Farida Ali | 9967821908 |
| Sainath Ngr Mun School Bldg 2 | Meera Chavan | 9969032809 |
| Maneklal Mehta Mun Hindi Scl Bldg | Roshani Khande (Maneklal Mehta Mps) | 9960544058 |
| Barve Nagar Mun Mara School- 1 | Annapurna Jadhav | 9004221923 |
| Barve Nagar Mun Marathi School No 2 | Avinash Rathod | 8605966029 |
| Barve Nagar Mun Marathi School No 4 | Sulakhana kamble (Sr. Tr) | 9890279811 |
| Barve Nagar Mun Marathi School No 5 | Bapu Gorad | 9967571836 |
| Kamaraj Ngr Mun School | Shobha Jamghare | 9920056504 |
| Tilak Marg Mun Marathi School | Shivaji Naik | 9763194146 |
| Jayantilal Vaishna Mun Hindi | Harishchandra Yadav | 9594617415 |
| Samta Colony Mun Hindi School | Kalyani Nakhate | 9004000497 |
| Ramabai Sahakar Nagar Mun Marathi No 1 | Satish Ram | 9869191774 |
| Ramabai Sahakar Nagar Mun Marathi No 2 | Sulochana Hile | 9702530860 |
| Ramabai Sahakar Nagar Mun Marathi No 3 | Deepa Gosavi | 9867059306 |
| Pantanagar Mun Marathi School No 2 | Bagave | 9867444425 |
| Pantanagar Mun Marathi School No 3 | Meena (Pant Ngr Eng) | 9769661873 |
| Jai Maharashtra Mun Hindi School | Upendra Tripathi | 9969776752 |
| Dhanji Devashi MR School | Ulka Gaykar | 9967632118 |

## ગુજરાતી સાહિત્ય અકાદમીના ઉપક્રમે શનિવારે ઘાટકોપરમાં વિદ્યાર્થીઓ માટે વિશેષ કાર્યક્રમ

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકદામીના ઉપક્રમે ક.જ.સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલય ગુજરાતી વિભાગના સહયોગમાં વિદ્યાર્થીઓ માટે વિશેષ કાર્યક્રમ કવિતાનો સૂર્યોદય કવિ કૃષ્ણ દવે શનિવાર, તા.૧૫ જુલાઈ ૨૦૧૭ સવારે ૧૦.૩૦ કાલિદાસ સભાગૃહ, સોમૈયા વિદ્યાવિહાર, વિદ્યાવિહાર (ઈસ્ટ). કોઈપણ શાળા/કોલેજના વિદ્યાર્થીઓ/શિક્ષકો માટે જાહેર નિમંત્રણ છે.

## બ્રાહ્મણ સેવા સમાજ

બ્રાહ્મણ સેવા સમાજ, આ વર્ષે બ્રાહ્મણ તથા વૈષ્ણવ યુવક–યુવતીનો ૯૧મો મેળવડો યોજી રહ્યા છે.

આ મેળાવડો તા.૧૦–૯–૨૦૧૭ના રોજ સવારે અસ્પી ઓડેટોરીયમમાં રાખેલ છે. મલાડ (પશ્ચિમ) સમય : ૯ થી ૧૦ રજીસ્ટ્રેશન, ૧૦ થી ૧ પરીચય.

આ સાથે બે વ્યક્તિ તથા ઉમેદવાર એમ ત્રણ વ્યક્તિને પ્રવેશ મળશે. ચોપડી, સીડી ફ્રી મળશે. ૧ વાગ્યા પછી સમુહ ભોજન રહેશે. ફોર્મ મેળવવા ઘાટકોપર ખાતે રોહિણીબેન વ્યાસ–૯૮૬૭૨૭૭૪૨૧, મુલુંડ ખાતે હર્ષદભાઈ જોષી–૯૮૬૯૯૪૪૬૬૬, કલ્યાણ ખાતે અરૂણાબેન રાવળ–૯૮૧૯૦૪૨૮૫૨

## મનપાનું મુખ્ય સર્વર ડાઉન થતાં 'એન' વોર્ડ શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ વિભાગની કામગીરી ઠપ

છેલ્લા બાર દિવસથી મનપાનું મુખ્ય સર્વર ડાઉન થઈ જતાં ઘાટકોપરની વોર્ડ–ઑફિસ પર શોપ એન્ડ એસ્ટેબ્લિશમેન્ટ વિભાગની રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવાની ઑનલાઇન કામગીરી ઠપ થઈ ગઈ છે. એને પરિણામે વેપારીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (GST)ના અમલને કારણે વેપારીઓને બેન્કમાં નવું કરન્ટ અકાઉન્ટ ખોલાવવા દુકાનનું ઍડ્રેસ–પ્રૂફ આપવું જરૂરી છે. એ માટે BMCના શોપ ઍન્ડ એસ્ટેબ્લિશમેન્ટ વિભાગમાં શોપ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવે છે. પહેલી જુલાઈથી શહેરની તમામ વોર્ડ–ઑફિસ પર વેપારીઓ આ સર્ટિફિકેટ મેળવવા માટે ઑનલાઇન અરજી કરી રહ્યા છે, પરંતુ છેલ્લા બાર દિવસથી ટેક્નિકલ કારણોસર આ સર્ટિફિકેટ આપવાની પ્રક્રિયા બંધ છે અને મેન્યુઅલી આ સર્ટિફિકેટ અલોટ કરી શકાતાં નથી.



હિરાલાલ હરીયા
મો.: 9870458808

**બુદ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતો નથી પણ અવસર પેદા કરે છે**





# વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ હિંગવાલા ઉપાશ્રય ઘાટકોપર જ્ઞાનવર્ધક ચાતુર્માસ મંગલ પ્રવેશ







રાષ્ટ્રસંત પૂજ્ય ગુરૂદેવજી નમ્રમુનિ મહારાજ સાહેબની આજ્ઞાથી મહાપ્રજ્ઞા પૂ.ગુરૂણી દેવા શ્રઈ વીરમતીબાઈ મહાસતીજી આદિદાણા ૯નો ચાતુર્માસ પ્રવેશ સમારોહ બુધવાર તા.૫-૭-૨૦૧૭ના રોજ પૂ.શ્રી બિંદુબાઈ મહાસતીજીના સંસારી માતુશ્રી સવિતાબેન કાન્તીલાલ ઠોસાણી હ.શ્રીમતી ગીતાબેન અશોકભાઈ ઠોસાણીના નિવાસસ્થાનેથી શાનદાર શોભાયાત્રા, બહોળી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. સાથોસાથ સોનામાં સુગંધ મળે તેમ પ.પૂ.ઉર્વષીબાઈ મ.સ.આદિઠાણા ૫ કામાગલી જૈન સંઘ ચાતુર્માસાર્થે સાથે જ પ્રયાણ કરેલ. શ્રી અશોકભાઈને ત્યાં નવકારશી રાખવામાં આવેલ. હિંગવાલા સંઘમાં બરાબર સવારના નવ વાગ્યે સતીગણ પધારતાં સંઘના ટ્રસ્ટીશ્રીઓ સર્વશ્રી કિર્તીભાઈ જે. કોઠારી, શ્રી અનિલભાઈ એન. સુતરિયા, શ્રી મુકેશભાઈ સી.કામદાર તથા કમિટી સભ્યોશ્રીએ



ભઆવભીની આવકાર આપી ધન્યતા અનુભવેલ. આ પ્રસંગે રાજાવાડી સંઘ બિરાજીત પ.પૂ.પૂર્વીબાઈ મ.સ.તથા પ.પૂ.સુપુર્વી બાઈ મ.સ.તથા અનેક સંઘોના તથા પારસધામના પદાધિકારીઓ પધારેલા. સંઘના સીનીયર ટ્રસ્ટીશ્રી અનિલભાઈ એન.સુતરિયો ધન્યતા અનુભવતા મહાસતીજીઓનુંશ્રી સંઘવતી ભાવભર્યુ સ્વાગત કરેલ. જ્ઞાન પ્રજ્ઞા પૂ.ગુરૂણીદેવા પૂ.વીરમતીબાઈ, પૂ.બિન્દુબાઈ મ.સ.પુ.પુર્વીબાઈ મ.સ.પૂ.શ્રી પરમ પવિત્રાજી મ.એ ચિંતનસભર, બોધદાયક વ્યાખ્યાન ફરમાવેલ. પારસધામથી પધારેલા શ્રી રશ્મીકાંતભાઈ દેસાઈ, શ્રી અશાકોભાઈ ઠોસાણી, શ્રી અનિલભાઈ એન. સુતરિયા, શ્રી મુકેશભાઈ કામદાર, શ્રી ભરતભાઈ જસાણી, શ્રીમતી લતાબેન કામદાર (બોરીવલી) વગેરેએ પ્રાસંગિક પ્રવચનો આપેલ. માતુશ્રી વસંતબેન હરિલાલ કલ્યાણજી શેઠ હસ્તે શ્રીમતી ચંદ્રિકાબેન હરેનભાઈ શેઠ તરફથી પ્રભાવના રાખવામાં આવેલ. પ્રસંગનું સફળ સંચાલન મંત્રીશ્રી શ્રીમતી છાયાબેન પ્રવરભાઈ કોટીચા તથા શ્રી અશોકભાઈ એલ. તુરખીયાએ સુંદર રીતે કરી પ્રસંગને દિપાવી ઉઠાવ્યો.**(તસ્વીર : જૈન ટીવી – સંજય પટવા)**

# શેઠ ધનજી દેવજી રાષ્ટ્રીય શાળા ગુજરાતી માધ્યમનો વૃક્ષારોપણ કાર્યક્રમ



શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળા ગુજરાતી માધ્યમ દ્વારા તા.૧ જુલાઈ થી ૭ જુલાઈ સપ્તાહ દરમ્યાન શાળામાં વૃક્ષારોપણ આયોજન કરાવમાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્યા શ્રીમતી ઉષાબેન પંડ્યા એ પર્યાવરણનું મહત્વ કહીને ચેક વૃક્ષ વાવવાથી આવતી પેઢી અને આજ માટે કેટલું મહત્વ છે તે સમજાવ્યું. શાળાના આચાર્યા, શિક્ષિકાબહેનો તથા કર્મચારીઓએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. આમ સંપૂર્ણ સપ્તાહ વૃક્ષનું મહત્વ પર્યાવરણનું આપણને લગતા ચિત્રો, કૃતિ તથા ધોખવાક્યો, બોધવાક્યો દ્વારા શાળાના પરિસરને હરિયાળુ બનાવ્યું.





## જીએસટી રજિસ્ટ્રેશનની પ્રોસેસ ૧૫ ઓગસ્ટ સુધીમાં પૂરી કરવાનો વડાપ્રધાનનો આદેશ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ વેપારીઓનું ગૂડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (જીએસટી)નું રજિસ્ટ્રેશન ૧૫ ઓગસ્ટ સુધીમાં પુરું કરવાની સૂચના તમામ સરકારી મુખ્ય સચિવોને આપી છે. પીએમઓના સ્ટેટમેન્ટમાં જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાને રાજ્ય સરકારોના ટોચના અમલદારો સાથે ટેલિકોન્ફરન્સિંગ દ્વારા સીધા સંવાદ માટેના મલ્ટિ-નોડલ પ્લેટફોર્મ પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પિલિમેન્ટેશન (પ્રગતિ)ની બેઠકની અધ્યક્ષતા દરમ્યાન ઉપરોક્ત સૂચના આપી હતી.

**સ્માર્ટ બનો...!**
**૧૨ વર્ષ સુધી દર વર્ષે રૂા.૧ લાખ બચાવો**
**મેળવો ટેક્સ ફ્રી રૂા.૧,૭૫,૦૦૦ દર વર્ષે**
**૧૨ વર્ષ પર્યત, ૧૪માં વર્ષથી ૨૫માં વર્ષ સુધી**
**આ ઉપરાંત મેચ્યોરિટી પર મેળવો અંદાજીત**
**રૂા.૪,૫૦,૦૦૦ થી રૂા.૫,૦૦,૦૦૦**
**અથવા**
**૧૨ વર્ષ સુધી દર વર્ષે રૂા.૧ લાખ ભરો અને**
**૨૪માં અને ૨૫માં વર્ષે ૧૬,૫૦,૦૦૦ મેળવો**
**કુલ 33,00,000 રીટર્ન ટેક્સ ફ્રી.**
**આ ઉપરાંત રૂા.૧૧ લાખનું લાઈફ કવર**
Tax Benefit under Section 80 C and Tax Free Returns u/s 10 (10D) of Income Tax Act.
વધુ વિગત માટે સંપર્ક **8655185667**

**જોઈએ છે**
**થાણા થી ઘાટકોપર વિસ્તારમાં 3000 ફુટનો ઈન્ડસ્ટ્રીયલ ગાળો ભાડા પર જોઈએ છે.**
**સંપર્ક : 8446679335**

**જોઈએ છે**
**ઘાટકોપર (ઈ/વે) અથવા વિદ્યાવિહારમાં ૧૦૦ ફુટ જગ્યા ઓફિસ માટે ભાડેથી જોઈએ છે.**
**સંપર્ક : 9869038095**

# GST એટલે 'ગૌ સેવા તારશે'




દેશમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીની 'વીઝન'નો સુખદ એહસાસ દેશવાસીઓને થઈ રહ્યો છે. 'જી.એસ.ટી.' એનું જીવંત અને જ્વલંત ઉદાહરણ છે. સામાન્ય દેશવાસીઓ માટે એમણે એનું અર્થઘટન કરી આપ્યું,' ગુડ સીમ્પલ ટેક્ષ'. જે દેશની ભાવિ પેઢી માટે છે. આવતી કાલના સશક્ત અને સક્ષમ સમાજ, રાષ્ટ્ર માટે જી.એસ.ટી. છે. એની પ્રતીતિ બધાને થઈ રહી છે.

જી. એસ. ટી. એટલે વિકાસ, વિકાસ અને વિકાસ. આવો લાંબા ગાળાનો વિકાસ 'જી. એસ. ટી.' ના હૃદયગમ્ય અર્થઘટન 'ગૌ સેવા તારશે' થી પણ સાધી શકાશે. ગૌ વંશ સંવર્ધનથી સમૃદ્ધિ સહજ બની રહેશે. આજે અર્થશાસ્ત્રીઓ પણ આ વાત કબૂલ કરે છે કે ગૌ ઉત્પાદનનું વ્યવસાયી કરણ દેશના અર્થતંત્રને વધુ મજબૂત બનાવશે. 'પતંજલિ' એનું સરસ ઉદાહરણ છે. કેટલીયે વિદેશી કંપનીઓને ધોબીપછાડ આપી શકાઈ એના પાયામાં ગૌ વંશ સંવર્ધન જ છે. ભૌતિક, આધ્યાત્મિક, પર્યાવરણીય અને આર્થિક પ્રગતિ માટે 'ગૌ સેવા તારશે', જી.એસ. ટી. જરૂરી છે, એવું યુવા પેઢી પણ સમજવા લાગી છે.





ભાવનાત્મકતા અને વ્યવહારિકતાના સુંદર સમન્વય સમાન આ મંત્ર 'ગૌ સેવા તારશે'-જી.એસ.ટી. ના સૂત્રને ચરિતાર્થ કરવા 'રઘુ શક્તિ સેવા ટ્રસ્ટ' (રજી.) દ્વારા આ દિશામાં પાયાની વાત, ઝુંબેશ ઉપાડવામાં આવી છે. ગૌ વંશ માટે મેડિકલ કેમ્પ સહિત વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. 'ગૌ સેવા એ જ રાષ્ટ્ર સેવા' ને આ ટ્રસ્ટ દ્વારા ચરિતાર્થ કરવામાં આવી રહ્યું છે. 'વંદે ગૌ માતરમ્' જેવા કાર્યક્રમ યોજી લોક ડાયરાને ભાગ બનાવવામાં આવે છે. તૃતીય વર્ષનો આ કાર્યક્રમ આ વર્ષે ૬-ઓગસ્ટ-૨૦૧૭ના રોજ આયોજિત કરેલ છે.

સુંદર આવતીકાલ માટે આજથી જ જી. એસ. ટી. 'ગૌ સેવા તારશે'ના પ્રખર સમર્થક બનીએ.

# શ્રી રત્નચિંતામણી પાર્શ્વનાથ શ્વે.મૂ.ત. જૈન સંઘ જીવદયા લેન-અજાહરા પાર્શ્વનાથ ધામની નવી કમિટી જાહેર





ઘાટકોપરના સૌથી જુના દેરાસરમાંથી એક એવા જીવદયાલેનના અજાહરા પાર્શ્વનાથ ધામની નવી કમિટીની તાજેતરમાં જાહેરાત કરાઈ હતી. ૨૫ વર્ષ જુનું અને ૧૨ વર્ષથી શિખરબધ્ધ દેરાસરમાં પાર્શ્વનાથ ભગવાનની અદ્દભુત પ્રતિમા સ્થાપિત છે. સંઘના આધારસ્તંભ અને છેલ્લા ૨૨ વર્ષ થી પ્રમુખ જેઠાભાઈ ડોસાભાઈ શાહ, સ્વ.જયંતીલાલ મોહનલાલ વોરા, સ્વ. પ્રભુદાસ બેચરદાસ શાહ, સ્વ. કપુરદાસ ગંભીરદાસ વોરાએ સંઘ સ્થાપનાથી લઇ અથાગ પ્રયત્નો કરી સંઘની પ્રતિષ્ઠા વધારી છે.

નવી કારોબારી કમિટીમાં પ્રમુખપદે જાણીતા જૈન આગેવાન મનીષભાઈ દિનેશભાઈ વોરા તથા ઉપપ્રમુખ પદે કેતન ભાઈ જયંતીલાલ વોરા નિયુક્ત થયા છે. સંપૂર્ણ કમિટી આ મુજબ છે.


મનીષભાઈ વોરાને શુભેચ્છા આપી રહેલા પ્રવિણ છેડા

**ટ્રસ્ટી** : શ્રી જેઠાભાઈ ડોસાબાઈ શાહ, શ્રી પ્રકાશભાઈ જયંતીલાલ વોરા, શ્રી વિરમભાઈ વિજપાર સત્રા, શ્રી રાયચંદ વિજપાર સત્રા, શ્રી ગુણવંતરાય ચુનીલાલ શાહ, શ્રી ધનેશભાઈ પ્રવિણચંદ બાવરીયા.

**કમિટી** : શ્રી મનીષભાઈ દિનેશભાઈ વોરા-પ્રમુખ, શ્રી કેતનભાઈ જયંતીલાલ વોરા-ઉપપ્રમુખ. **મંત્રી** : શ્રી કીરીટભાઈ હરજીવનદાસ શાહ, શ્રી ભરતભાઈ પ્રભુદાસ શાહ. **ખજાનચી** : શ્રી શરદભાઈ પ્રભુદાસભાઈ શાહ, નીમેષભાઈ સુમતીલાલ શાહ-સહજાનચી. **કારોબારીના સભ્યો** : શ્રી નીલેશભાઈ નગીનદાસ ગાંધી, શ્રી પ્રફુલભાઈ વેલજીભાઈ ગાલા, શ્રી રાજુભાઈ ખીમજીભાઈ સત્રા, શ્રી અજયભાઈ વીનુભાઈ સંઘવી, શ્રી દર્શનભાઈ જયસુખલાલ શાહ. **કો.ઓપ્ટ** : શ્રી મલયભાઈ પ્રવિણચંદ શાહ, શ્રી તેજસભાઈ વિનોદભાઈ શાહ.

ઘાટકોપર ઈસ્ટ - વેસ્ટ
૧,૨,૩,૪
બી.એચ.કે.ના ફ્લેટ
રેડી પઝેશન, વીથ ઓ.સી.,
નવા બિલ્ડીંગમાં

ઘાટકોપર ઈસ્ટ - વેસ્ટ
૧,૨,૩,૪
બી.એચ.કે.ના ફ્લેટ
ભાડા-ડિપોઝીટ
પર મળશે

Manish D. Vora - 98201 44859
Rera Certificate No. A51800000870
Parag D. Vora - 98201 31207
Rera Certificate No. A51800000867
Harsh M. Vora - 99200 34963

MAHAVIR
ESTATE CONSULTANTS

Off. No.110, 1st Floor, Shop Zone, M.G.Road, Near Bank of India, Ghatkopar (West), Mumbai - 400 086.
Tel.: 022-65780678, Email : manishdvora@gmail.com, www.mahavirestateconsultants.com

# ઘાટકોપર સોશ્યલ સર્વિસ દ્વારા નોટબુક્સનું વિનામૂલ્ય વિતરણ



વર્ષ ૨૦૧૪ માં પારેખ પરિવાર દ્વારા શરૂ કરવામાં આવેલ ઘાટકોપર સોશ્યલ સર્વિસ દ્વારા તાજેતરમાં ગુરુકુળ હાઈસ્કુલ, રામજી આસર વિદ્યાલય, રત્નચિંતામણી ગર્લ્સ સ્કુલ અને બીએમસીની સ્કૂલોના વિદ્યાર્થીઓને નોટબુક્સ, સ્કુલ બુક્સ તથા અન્ય સ્ટેશનરી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જાણીતા આગેવાન ઉદ્યોગપતિ ચંદ્રેશભાઈ પારેખ તથા તેમના પરિવારના સભ્યોએ વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તુઓનું વિતરણ કર્યું હતું.















## ચંદ્રેશ પારેખની કલમે....



## પ્રેમ આપશો એટલો મેળવશો

થોડા સમય પહેલાં એક સત્ય ઘટના વાંચવામાં આવી હતી. એક બ્રાઝિલિયન યુવાન થિયાગો ઓહાના વિયેનામાં આવેલી ઈન્ડિયન એમ્બેસીના ઈન્ટરનેશનલ ટ્રેડ વિભાગમાં કામ કરતો હતો. આ યુવાને નાની વયમાં તેના માતા-પિતા બંને ગુમાવી દીધા. તેની પાસે ઘર તો હતું. ઘરમાં સતત એકલા રહેવાથી તે અતિશય કંટાળી ગયો હતો. તેણે વિચાર્યું કે કંટાળાનો ઉપાય તો શોધવો જ રહ્યો. પોતાના ઘરની પાસે આવેલા એક જાહેર-બાગમાં પહોંચી ગયો. બે ઘડી તેણે આમતેમ જોયું, બે હાથ પહોળા કરીને તે બોલવા લાગ્યો, 'કોઈપણ પ્રકારની ફી આપ્યા વગર મને પ્રેમથી વળગી લો'.

બાગમાં બેઠેલી એક બે વયસ્ક વ્યક્તિઓ કે જે એકલી રહેતી હતી, તે આ યુવાનની પાસે આવીને તેને આંખમાં આંસુ સાથે વળગી પડી. બેઉ જણ યુવાનને શાબાશી આપતા કહેવા લાગ્યા કે બેટા તે એવું કામ કર્યું છે કે જેનો અમે ફક્ત વર્ષોથી વિચાર જ કરતા રહ્યા. એકલવાયું જીવન પસાર કરીને અમે એવા તો કંટાળી ગયા છીએ કે તે આપેલી એક જાદુની ઝપ્પીએ અમારા જીવનને પ્યારથી ભરી દીધું



આધુનિક યુગમાં બાળકો અને માતા-પિતા વચ્ચે સંબંધોમાં ખટરાગ થવાનું મુખ્ય કારણ શું છે જાણવું છે? માતાપિતા દ્વારા સંતાનને આલિંગન આપવાનું અર્થાત પ્રેમથી બે ઘડી ભેટવાનું જ વિસરાઈ ગયું છે. તા ૧૫મી મે ૨૦૧૭ના સોમવારે 'વર્લ્ડ ફેમિલી ડે' છે. આ વર્ષનો થીમ છે 'કુટુંબ, શિક્ષણ અને ભલમનસાઈ'. ૨૯ મે ૧૯૮૫ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા દર વર્ષે ૧૫મી મેનો દિવસ 'આંતરરાષ્ટ્રીય કુટુંબ દિવસ' તરીકે ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. દર વર્ષે કુટુંબની મહત્તા દર્શાવવા માટે અલગઅલગ વિષયને પસંદ કરવામાં આવે છે.

સંતાન વયમાં નાનું હોય ત્યારે કુટુંબના દરેક સભ્યો તેને કેટલું ગળે લગાડતા હોય છે. પોતાનાં ભૂલકાં સાથે કાલીઘેલી ભાષામાં વાતચીત કરીને તેની સાથે રમવાનું તેમને ગમતું હોય છે. સંતાન જેમ મોટું થતું જાય તેમ માતા-પિતા બંને બાળકને સારું શિક્ષણ મળે તેની ચિંતામાં રહેવા લાગે છે. તેનો સર્વાંગી વિકાસ થાય તે માટે તેને વિવિધ પ્રવૃત્તિમાં વ્યસ્ત કરી દેવામાં આવે છે. શિક્ષણના બોજ હેઠળ સંતાનની સાથે ફક્ત તેની પ્રગતિની જ વાત કરવામાં આવતી હોય છે.

આધુનિક યુગમાં અનેક વખત દેખાદેખીને કારણે સંતાનોને ઉચ્ચ શિક્ષણ મેળવવા વિદેશ મોકલવામાં આવે છે, ત્યારબાદ તેઓ વિદેશમાં જ સ્થાયી થઈ જાય છે. ટેકનોલોજીના ઉપયોગ થકી સંતાન સાથે રોજબરોજ સ્કાઈપ કે વીડિયો ફોન ઉપર વાત કરીને સંતોષ માનવામાં આવે છે. સંતાનને ઉચ્ચ શિક્ષણ આપવામાં તો જરાપણ કચાશ રાખવામાં આવતી નથી. માનવીય મૂલ્યો જેવા અન્ય વ્યક્તિ સાથે વાતચીત કે પ્રેમની ભાષા શીખવવાનું જ વિસરાઈ જાય છે. સંતાનમાં ભલમનસાઈના ગુણનો પમરાટ ફેલાવવાને બદલે તે ઘમંડી બની જતો હોય છે.

બાળક નાનું હોય ત્યારે તેમને માતા-પિતાના સ્પર્શ દ્વારા આનંદિત જોઈ શકાય છે. વય વધવાની સાથે સ્પર્શર કરતા ત્વચાના છિદ્રોની ગુણવત્તા શાંત પડી છે. સંશોધન દ્વારા જાણવા મળ્યું છે કે સ્પર્શના છિદ્રો ઘટી જતા હોય છે. તેમ છતાં પ્રેમ-લાગણીથી કોઈપણ વ્યક્તિ ઉપર હાથ ફેરવવામાં આવે તો વ્યક્તિ હળવોફૂલ બની જાય છે. તેથી તો કહેવાય છે કે કુટુંબ એક એવી જગ્યા છે જ્યાં જીવનની શરુઆત થાય ત્યારથી પ્રેમની ભાષા અનંત બની જાય છે.

## बृहन्मुंबई वृत्तपत्र विक्रेता संघाच्या वतीने महापौर विश्वनाथ महाडेश्वर यांना वृत्तपत्र विक्रेत्यांना स्टॉल संदर्भात होणार्या त्रासाबद्दल निवेदन



बृहन्मुंबई वृत्तपत्र विक्रेता संघाच्या वतीने माननिय महापौर श्री. विश्वनाथ महाडेश्वर यांना वृत्तपत्र विक्रेत्यांना स्टॉल संदर्भात होणार्या त्रासाबद्दल निवेदन देण्यात आले. बृहन्मुंबई महानगपालिकेच्या परिपत्रक क्र.एमएल/१सन १९९९-२००० अनुसार,वृत्तपत्र विक्री करणारे आता ज्या ठीकाणी आपला व्यवसाय करीत आहेत, त्या जागेवर महानगरपालिकेची अतिक्रमण निर्मुलनाची कारवाई करण्यात येऊ नये,असे नमुद केलेले आहे.

हे परिपत्रक १९९९-२०००चे असुन संघटनेच्या वतीने म हापौरांना विनंती करण्यात आली कि आपण नविन परिपत्रक जारी करावे व वृत्तपत्र विक्रेत्यांना दिलासा द्यावा.

संघटनेच्या वतीने कार्याध्यक्ष श्री.संजय चौकेकर, श्री.प्रकाश वाणी, श्री जीवन भोसले श्री.भालचंद्र पाटे, श्री.प्रकाश गिलबिले व श्री.युनुस पटेल हे प्रतिनीधी उपस्थित होते.

## સહિયારી ગ્રુપ દ્વારા પુલ પાર્ટીનું આયોજન




કાજલ'સ સહિયારી ધ લેડિઝ ગ્રુપ દ્વારા માંડવી રિસોર્ટ ખાતે પુલ પાર્ટીનું ૧૨ જુલાઈના આયોજન કરવામાં આવ્યું હતું.





## ... અને ગાંધીજીને ચશ્મા મળ્યા



વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા ગત અંકમાં ગુરુકુળ કેમ્પસમાં આવેલ ગાંધીજીની પ્રતિમા પરના ચશ્મા ગાયબ હોવાના સમાચારો પ્રકાશિત કરાયા બાદ સફાળી જાગેલી કોલેજની મેનેજમેન્ટ એ તરત જ પ્રતિમા પર ચશ્મા ચડાવી ગાંધીજીની તસ્વીર વોઈસ ઓફ ઘાટકોપરને મોકલી હતી.

## બેસ્ટ ઘટતું કરે




મુંબઈ બેસ્ટ સાથે જ બેસ્ટ છે. પરંતુ હમણા વેકેશનમાં બેસ્ટના ઘણા ધાંધીય હતા. સિદ્ધિ વિનાયકથી ઘાટકોપર માટે ૩૮૫ ન મળતા દાદર ગોળ મંદિર પાસે આવી ત્યાં સવા કલાક ઉભી રહેવું છતાં ઘાટકોપર ઈસ્ટ કે વેસ્ટ બેમાંથી એક પણ જગ્યાની બસ ન મળી બે દિવસ પછી ઘાટકોપર ઈસ્ટમાંથી ૩૮૫ માટે ઓફિસ ટાઈમે સવા કલાક ઉપર ઉભી રહી બસ ન મળી. કંડક્ટરના કહેવા પ્રમાણે સ્ટાફ ઘણો બહારગામ ગયો છે તેથી બસો ઓછી છે. ઘાટકોપરથી દાદર સુધીની ૩૮૫ બસ ઘણી જુની છે. પહેલા તેની ફ્રિક્વન્સી ઘણી હતી. હવે તાડદેવ સુધી જતા અડધા કલાકે આવે છે અને તેમાં પણ બસના ધાંધીયા આ બસ દાદર સુધી ... દર પંદર મિનીટે આવે તો લોકો આ બસનો વધારે ઉપયોગ કરે આજના સમયે સમયસર પહોંચવુ બહુજ અગત્યનું છે. બેસ્ટ માટે શક્ય હોય ત્યાં અલગ રસ્તો કરે તો બેસ્ટ સમયસર ચાલે ને લોકોને અને બેસ્ટને બન્નેને ઘણો જ લાભ થાય બેસ્ટ આ અંગે ઘટતું કરે.

- બિંદુ મહેતા

## બહેનશ્રીના વચનામૃત

**- સંકલન વિજય બોટાદરા**



● વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યવય તેની અગાધતા, અપૂર્વતા, અચિંત્યા ગુરુ બતાવે છે. શુભાશુભ ભાવોથી દૂર ચૈતન્યતત્વ પોતામાં વસે છે. એવું ભેદજ્ઞાન ગુરુવચનોથી કરી જે શુદ્ધ દષ્ટિવાળો થાય તેને યથાર્થ દષ્ટિ થાય, લીનતાના અંશ વધે, મુનિદશામાં વધારે લીનતા થાય અને કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય.

# ડેંગ્યુ અને મલેરિયાના મચ્છરનો ઉપદ્રવ વધતા પાણીજન્ય બીમારીનો આતંક

ચોમાસુ આવે એટલે બીમારીઓના ભરડામાં મુંબઈગરો લપેટાઈ જાય. આ દર વરસની સમસ્યા છે. સાવધાનીના સૂરો ચારે તરફથી વાગવા લાગે.

આ ચોમાસામાં પણ પાણીજન્ય બીમારીઓનો આતંક સામે આવીને ઊભો છે. પાલિકા આ બાબતે લેવા જેવી કાળજી ન લે તો બીમારીઓ જીવલેણ નીવડે. પણ પાલિકા જાગૃત છે, પાલિકાના પેસ્ટ કન્ટ્રોલ વિભાગે પાણીજન્ય બીમારીઓને રોકવા માટે મોટા પાયા પર દવાનો છંટકાવ કર્યો છે. છતાં મચ્છર હટવાનું નામ નથી લેતા. તેથી દહેશત રહે છે કે આગામી સમયમાં બીમારીઓનું પ્રમાણ વધી શકે.

થોડી વિગતે વાત કરીએ. મુંબઈમાં પહેલી મેથી ૨૭ જૂન બે મહિનામાં ૩,૩૦૬ ઠેકાણે ડેંગી ફેલાવતા એડિસ ઈજીપ્તિ મચ્છરના લાર્વા મળી આવ્યા છે. તો ૧,૨૮૩ ઠેકાણે મલેરિયા માટે જવાબદાર ગણાતા એનોફેલીસ સ્ટિફેન્સી મચ્છરના લાર્વા મળી આવ્યા હતા.

આ ચિંતાજનક સ્થિતિને કારણે સુધરાઈના આરોગ્ય વિભાગે જાગૃત થઈ દવા છંટકાવનું કામ યુધ્ધ ધોરણે શરૂ કર્યું છે અને ફરજના એક ભાગરૂપે સુધરાઈ દ્વારા છેલ્લા બે મહિનામાં ૨૧ લાખ ઘરોની તપાસણી કરવામાં આવી અને જે ઘરમાં ડેંગી અથવા મલેરિયાના લાર્વા મળી આવ્યા હતા. તેનો નાશ કરવામાં આવ્યો હતો.

આ વર્ષે જૂન મહિનામાં ડેંગીના ૩૧ મલેરિયાના ૪૪૨, લેપ્ટોસ્પાયરોસિનના ૨૦, સ્વાઈનફ્લૂના ૯૮ કેસ નોંધાયા છે. સુધરાઈમાં નહિ નોંધાયેલા આંકડા વધુ હોઈ શકે છે.

સુધરાઈ એનું કામ કરશે. પણ ચોમાસાની બીમારીઓથી બચવા માટે નાગરિકે પોતે પણ વધુ જાગૃત રહી. પોતાના ઘરની આજુબાજુ ગંદકી ન થાય તેની પોતે જ કાળજી લેવી પડશે. પે'લી ઉક્તિ સતત યાદ રાખજો : પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર.

# જીયો તરફથી સમાજ પ્રત્યેના વિશેષ યોગદાન બદલ ચંદ્રકાંત દામજી શાહ(સી.ડી.)નું સન્માન કરાયું



જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજિત વિશેષ કાર્યક્રમમાં ઘાટકોપરના જાણીતા આગેવાન ચંદ્રકાંત દામજી શાહ(સી.ડી.)નું ધાર્મિક, શૈક્ષણિક, વૈદકીય વગેરે ક્ષેત્રોમાં મહત્વના યોગદાન બદલ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સન્માન કરાયું હતું. આ પ્રસંગે પ.પૂ.નયપદ્મસાગરજી મ.સા., યુનિયન મિનીસ્ટર ઓફ સ્ટેટ ફાઈનાન્સ અર્જુનરામ મેઘવાલ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, આશિષ સેલાર વગેરે ઉપસ્થિત હતાં.

# શ્રી હાલાઈ લોહાણા સેવા સમાજ મુંબઈ (મુલુંડથી માટુંગા-માહિમ વિભાગ)ની નવી કારોબારી

મુલુંડથી માટુંગા માહિમ વિભાગના શ્રી હાલાઈ લોહાણા સેવા સમાજની ચૂંટણી યોજાયેલ જેમાં ૨૧ બેઠકોમાંથી ૨૦ નામાંકન પત્ર આવેલ જેથી ચૂંટણી અધિકારી શ્રી પ્રફુલ્લભાઈ આઈયાએ વીસ ઉમેદવારોને બીનહરિફ વિજતા જાહેર કર્યા હતા અને પ્રમુખશ્રીએ કારોબારી પદાધિકારીઓને રચના જાહેર કરેલ જેમાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે શ્રી દિપકભાઈ નાગ્રેચા, ઉપપ્રમુખ શ્રી છગનભાઈ ભાયાણી, માનદમંત્રી પદે શ્રી હિરેનભાઈ કાનાબાર, ખજાનચીઓશ્રી પ્રવીણભાઈ કાનાબાર, શ્રી કીર્તિભાઈ પંડિત, કાયદાકીય સલાહકાર પ્રવીણભાઈ રાયચડા, કારોબારી ટ્રસ્ટી શ્રી મનસુખભાઈ સોમૈયા, શ્રી રજનીકાંતભાઈ કારીયા, શ્રી રમેશભાઈ કોટક, શ્રી હર્ષદભાઈ તન્ના, શ્રી કિશોરભાઈ પૂજારા, શ્રી કિશોરભાઈ રૂંધાણી, શ્રી હરેશભાઈ હિંડોચા, શ્રીમતી કલ્પનાબેન ખંધેડીયા, શ્રીમતી ભારતીબેન પરમાણી, શ્રી અંજનાબેન જોબનપુત્રા, શ્રી અનિલભાઈ કક્કડ તથા શ્રી પ્રફુલ્લભાઈ અઢિયાની કો-ઓપ ટ્રસ્ટી તરીકે નિમણુક કરેલ.

# શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન

શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈની કેળવણી સમિતિ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવનાર છે. જેના ફોર્મનું વિતરણ ઠાકુર દ્વાર રોડ, મુખ્ય કાર્યાલય ઉપરાંત કાંદિવલી બાળાશ્રમ અને મીરારોડ મહાજનવાડીમાં ફોર્મ મેળવી તા.૨૦ ઓગસ્ટ ૨૦૧૭ સુધી પરત આપી જવા. ધોરણ ૧ થી ૪માં ૯૦ ટકા તથા તેની ઉપર, ધો.૫ થી ૧૦માં ૭૫ ટકા તથા તેની ઉપર ગુણાંક મેળવેલ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ફોર્મની સાથે માર્કશીટની ઝેરોક્ષ બીડવાની રહેશે. ધોરણ ૧૦ પછીના ધોરણ તથા કોલેજ ડિગ્રીના ફોર્મ હજુ ઉપલબ્ધ નથી. વધુ વિગત માટે મહાજનશ્રી કાર્યાલય ૬-૧૦ ઠાકુર દ્વાર રોડ મુંબઈ-૨. ફોન ૨૩૮૨૪૨૧૫, ૨૩૮૨૧૦૯૨ પર સંપર્ક કરવો.


પરમયાત્રા સેવા (વાહિની)

સ્વજનના મૃતદેહને અગ્નિસંસ્કાર માટે
સ્મશાને લઈ જવા માટે A.C. વેનની નિઃશુલ્ક સુવિધા

સંપર્ક

પારસધામ - અર્હમ યુવા સેવા ગૃપ ઘાટકોપર

9699996672,
25015152, 25015354


# રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ચરણમાં હજારો ભાવિકોએ ભાવ-ભક્તિ અને શ્રધ્ધા અર્પણ કરીને ઉજવ્યો ભવ્યાતિભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ

હજારો આત્મામાં ગુરુનું પૂજનીય સ્થાન ધરાવીને સહુનું કલ્યાણ કરી રહેલાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે પાવનધામ કાંદિવલીના આંગણે ગુરુ પૂર્ણિમાનો પાવન મહોત્સવ ૩૦૦૦ થી વધુ ભાવિકોએ અત્યંત ભાવ-ભક્તિ અને શ્રધ્ધાપૂર્વક ઉજવ્યો.

કોલકત્તા, ચેન્નઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર અને સમગ્ર મુંબઈ તેમજ અમેરિકા, સુદાન, દુબઈ અને સિંગાપોરથી પધારેલાં હજારો ગુરુ ભક્તોએ આત્મકમલના પ્રતિક સાથે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીનું અત્યંત ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ પાવન અવસરે ગુરુની સાથે સાથે મોક્ષની સહકર્મિતા સાધવાની સુંદર થીમ સાથે આયોજિત કરવામાં આવેલાં ગુરુ પૂર્ણિમાના આ કાર્યક્રમમાં ગુરુ-પરમાત્મા પ્રત્યેની શ્રધ્ધા અને સમર્પણભાવનું મહત્વ દર્શાવતાં કહ્યું હતું કે, દરેક વ્યક્તિના જીવનમાં કોઈને કોઈ એક તત્વ શ્રધ્ધાપાત્રનું સ્થાન ધરાવતાં હોય છે. અને એ શ્રધ્ધાપાત્ર પ્રત્યેની શ્રધ્ધાનું માપદંડ સમયની સાથે સાથે આવતી પરિસ્થિતિઓમાં નક્કી થતું હોય છે. જેવી રીતે, શરીરના બ્લડ કાઉન્ટ ટેસ્ટીંગ માટે લેબોરેટ્રી હોય છે એવી જ રીતે ગુરુ-પરમાત્મા પ્રત્યેની શ્રધ્ધાના કાઉન્ટ સમય રૂપી લેબોરેટ્રીમાં નક્કી થતાં હોય છે. જે શિષ્ય ગુરુની લબ્ધિ અને સિધ્ધિઓ રૂપી બાહ્ય અસ્તિત્વ કરતાં પણ ગુરુની આંતરિક ચૈતન્ય દશા સાથે સહકર્મિતા સાધે છે એનો માત્ર આ ભવ જ નહીં પરંતુ ભવોભવ સાર્થક થઈ જતાં હોય છે. આ અવસરે પૂજ્ય નમ્રમુનિ ગુરુદેવશ્રીએ પોતાના ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ સાથેના શ્રધ્ધા સંસ્મરણો રજુ કરીને કહ્યું હતું કે, ગુરુની એક પળની દૃષ્ટિ માત્રમાં પણ અનંત જ્ઞાન પ્રાપ્તિ કરાવવાની ક્ષમતા અને ગુરુની દરેક ઉપેક્ષા કે દરેક પરિક્ષામાં શિષ્યના આત્માનું અનંત હિત સમાએલું હોય છે.

પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજીએ ગુરુની કરૂણા અને સમર્પણભાવનું મહત્વ સમજાવતું સુંદર પ્રવચન આપીને સહુને પ્રેરિત કર્યા હતાં. પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણમાં આજીવન સંયમી બનવા જઈ રહેલાં દીક્ષાર્થી શ્રી સલોનીદીદી પારેખે પોતાના અંતરંગ ભાવોની અભિવ્યક્તિ કરીને સહુને સંયમ જીવનની પ્રેરણા કરી હતી. દુબઈના ગુરુ ભક્ત શ્રી સમીરભાઈ શેઠ અને શ્રી સ્વાતીદીદી કામદારે પણ વક્તવ્ય દ્વારા જીવનમાં ગુરુની કૃપાનું મહત્વ દર્શાવ્યું હતું.

શ્રી વર્ધમાન સ્થાનકવાસી પાવનધામ જૈન સંઘમાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીના વિનય વર્ષાવાસ ચાતુર્માસ દરમ્યાન જે આગમ સૂત્રનું જ્ઞાન પ્રવચન દ્વારા આપવામાં આવશે એની પાવન પોથી સંત-સતીજીઓના કર કમલમાં અર્પણ કરવાનો મંગલ લાભ રાજકોટના શ્રી કંચનબેન શેઠ પરિવાર હસ્તે શ્રી જિગરભાઈ શેઠ પરિવારે લીધો હતો. કોલકત્તા પારસધામના ભાવિકો દ્વારા સહકર્મિતાનો બોધ આપતી ભાવવાહી નાટિકા 'એક બાર ફિર પુકાર લો' ની સુંદર પ્રસ્તુતિ સાથે આ ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો હતો.

FOR SENIOR CITIZENS Special Discount & NO GST

# NO MATTER WHAT'S YOUR AGE, IT'S NEVER TOO LATE TO START GYMING

WORLD GYM™ (USA)



BENEFITS OF WORKOUT :

- Live Longer
- Prevent Falling
- Reduce risk of stroke or Heart attack
- Improve bone density
- Reduce risk of dementia
- Prevent or delay chronic diseases
- Gain confident & Be independent

Offer Valid For Elderly People Above 50 Years.
Till 20th July. (PROOF REQUIRED). T&C

**Platinum Mall Ghatkopar East - 022-65282201 / 022-65756565**

T.I.M.E.
Triumphant Institute of Management Education Pvt. Ltd.

Nationally Reputed Educational Institute with 240 centres in 114 cities across India is looking for the following positions as part of its aggressive expansion plans.

## FACULTY [Quant & Verbal for CAT/CLAT/CET/GMAT®/CDS/GRE®/Bank Exams]

Ph.D. / M.A. / B.E. / M.Sc. / MBA with teaching experience preferred.

## TEACHER [Maths, Sci., Social Sci., Languages for 7th to 10th std. - CBSE/ICSE/SSC]

Candidates with prior teaching experience preferred

## COUNSELLOR

Smart male/female graduates with good communication skills.
Comfortable with working in rational shifts. Exp. & fresher both can apply.

## MARKETING EXECUTIVE

Smart male/female graduates with good communication skills & a flair for marketing. Willing to work on the field.

## WALK IN INTERVIEW

14th and 15th July 2017 (11 am - 4 pm) Tel : 022-26820132/39

Selection Process (for faculty) : Written Subject Test, Demo Lecture & Interview

Venue : Office no 204,Radha silk mill compound,Behind TATA AIG, Parsi panchayat road, Andheri (East),Mumbai - 400 069

hr.mumbai@time4education.com

Printed, Published, Owned & Edited by **Jayant Visanji Chheda** and Printed at : **MID DAY Infomedia Limited.**, R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published from 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. **TeleFax : 25688297 • E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**